

સમેટ....સમેટ...સમેટ, બહારની દૃષ્ટિ સમેટ. તારી દોલત....તારા નિધાન તારી અંદરમાં ભર્યા છે, અંદરમાં જો! અંદરમાં જો! અંદરમાં સુધારસ ઝરે છે–ચૂવે છે ત્યાં દૃષ્ટિને જોડ.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત–૮ □ (૫૩૨) ❊ આત્મધર્મ ❊ (અંક–૮ વર્ષ–૪૪) □ વીર સં. ૨૫૧૪ ફેબ્રુઆરી, ૧૯૮૮

## * આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો *

* જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જો તેમને દુઃખ સ્વાભાવિક ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.

(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર ગાથા-૬૪)

* આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણામોનો ઘાત થવાના હેતુથી આ બધું (હિંસાદિ પાંચ પાપ) હિંસા જ છે. અનૃત, (જૂઠ) વચનાદિકના ભેદ કેવળ શિષ્યોને સમજાવવા માટે ઉદાહરણરૂપ કહ્યાં છે.

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, પુરુષાર્થસિદ્ધિઉપાય શ્લોક-૪૨)

* યોગી સમસ્ત જગતને ઇન્દ્રજાલ સમાન સમજે છે (દેખે છે), આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે સ્પૃહા (અભિલાષા) કરે છે અને અન્યત્ર (અન્ય વિષયમાં) લાગી જાય, તો તે પશ્ચાત્તાપ કરે છે.

(શ્રી પૂજ્યપાદ આચાર્ય ઇષ્ટોપદેશ, શ્લોક-૩૯)

* હે ભારતી! જે વિવેકરૂપ વજ્ર દ્વારા અનેક જન્મોમાં ઉપાર્જિત પાપરૂપ પર્વત ખંડિત કરાય છે તે વિવેકરૂપ વજ્ર સમીચીન અર્થ સંપન્ન વાક્યોરૂપ અમૃતના ભારથી પરિપૂર્ણ એવા તારા શ્રુતમય શરીરરૂપ મેઘ વડે પ્રગટે છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૨૭)

* જેમ પ્રત્યક્ષમાં દૈવયોગથી કોઈની આંખમાં પીડા થવા છતાં પણ કોઇ બીજાની આંખ પ્રસન્ન પણ રહી શકે છે. તેવી જ રીતે ચારિત્ર-મોહના ઉદયવશ ચારિત્રગુણમાં વિકાર થવા છતાં પણ તેથી આત્માના સમ્યક્ત્વગુણની કોઈ પ્રકારથી ક્ષતિ થતી નથી.

(શ્રી પંચાધ્યાયી ઉત્તરાર્ધ, શ્લોક-૬૯૧)

કહાન
સંવત-૮
વર્ષ-૪૪
અંક-૮
[ ૫૨૨ ]

વીર
સંવત
૨૫૧૪
સં. ૨૦૪૪
FEB.
A. D. 1988




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * વીતરાગી સ્વસંવેદન *

( શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

( સળંગ પ્રવચન નં-૧૦ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ ભાગની આ ૧૨મી ગાથા ચાલે છે.

આચાર્ય કહે છે કે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન છે. સમ્યક્-જ્ઞાનના પ્રકાશની સાથે અકષાય સ્વભાવનું વીતરાગી વેદન થવું તેને સ્વસંવેદનજ્ઞાન કહેવાય. આ જ્ઞાન પ્રગટ થાય ત્યારથી ધર્મની શરૂઆત થાય છે, ત્યારે ચોથું ગુણસ્થાન હોય છે.

આ સાંભળી શિષ્યે પ્રશ્ન કર્યો કે પ્રભુ! મને આશંકા થાય છે કે જે શુદ્ધ આત્માનું સ્વસંવેદન પ્રગટ થાય એ તો વીતરાગ જ હોય. છતાં 'વીતરાગ' વિશેષણ કેમ લગાવ્યું છે!

શિષ્યના પ્રશ્નનું ગુરુ સમાધાન કરે છે કે નિજ શુદ્ધાત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ હોવા છતાં તેને વિષયો અને કષાયનું વેદન થાય છે તે તો રાગસહિત વેદન છે તેને પણ સ્વસંવેદન કહેવાય છે માટે, તેનાથી જુદું પાડવા માટે આત્માના જ્ઞાનને 'વીતરાગ' વિશેષણ લગાડયું છે.

વીતરાગ-વિજ્ઞાનઘન ભગવાન આત્મા સ્વભાવનું ધ્યેય છોડીને પાંચ ઇન્દ્રિયના વિષયોના લક્ષે જે શુભાશુભભાવ કરે છે તેનું વેદન રાગસહિત છે. સ્વવિષયને છોડીને પોતે પરવિષયમાં રાગાદિનું વેદન કરે છે તે પણ સ્વસંવેદન છે એટલે કે પોતાના વિકારનું

વેદન છે કાંઈ પરનું વેદન નથી. અહીં જે સ્વસંવેદનની વાત કરી છે તે રાગવાળા વેદનની વાત નથી માટે 'વીતરાગ' વિશેષણ આપ્યું છે. વીતરાગ સ્વસંવેદનમાં રાગ હોતો નથી.

અનંતકાળમાં જીવે કદી પરનું વેદન તો કર્યું જ નથી. જડ વૈભવ, શરીર, મકાન, રોટલી-દાળ-ભાત, લાડવા આદિને જીવે કદી ભોગવ્યા નથી, જીવે તો પોતાના રાગ-દ્વેષવાળા વિકારીભાવને જ વેદ્યો છે. આ વેદનથી જુદું પાડવા સમ્યગ્દષ્ટિને વીતરાગી સ્વસંવેદન હોય છે એમ કહ્યું છે.

વસ્તુનો સ્વભાવ તો શુદ્ધ છે તેના વેદનમાં રાગ ન હોય પણ પુણ્ય-પાપ ભાવના વેદનમાં રાગ છે. જેમ ગોળ એક વસ્તુ છે તેનો સ્વાદ તો ગળ્યો જ હોય પણ તેમાં માટી કે સાબુની કટકી રહી ગઈ હોય તેનો સ્વાદ આવે તે ગોળનો સ્વાદ નથી. તેમ ભગવાન આત્મા જ્ઞાન અને અનાકુળ આનંદનો પિંડ છે પણ તેમાં શુભાશુભ વિકારી ભાવનો સ્વાદ આવે છે તે માટી ને સાબુના સ્વાદની જેમ વસ્તુના મૂળ સ્વભાવનો સ્વાદ નથી વિકારનો સ્વાદ છે. સ્વજ્ઞાન અને શાંતિનું વેદન થાય તે વીતરાગી સ્વસંવેદન છે.

આત્મા એકલા જ્ઞાન અને વીતરાગીસ્વભાવનો કંદ છે. તે પોતે પરના લક્ષે રાગ-દ્વેષરૂપ કષાયને વેદે તે તેનું વીતરાગી વેદન નથી, દુઃખરૂપ વેદન છે, સંસાર છે. માટે તેનાથી જુદું પાડવા માટે સમ્યદૃષ્ટિને વીતરાગી સ્વસંવેદન હોય છે એમ કહ્યું છે.

વિષયોના વેદન વખતે પણ જે જ્ઞાન છે એ તો પોતાનું જ છે પણ વેદન રાગનું થાય છે. આ ગોળ છે એમ જ્ઞાન થાય છે અને રાગનો સ્વાદ લે છે માટે તે રાગસહિત સ્વસંવેદનજ્ઞાન છે. તે ખરેખર જ્ઞાન જ નથી. જેમાં સ્વજ્ઞાન ભળે નહિ અને રાગરહિત વેદન થાય નહિ તે જ્ઞાન જ નથી.

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા એ પણ રાગ છે. આ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ છે એમ જ્ઞાન થાય પણ સાથે તેના પ્રત્યે રાગ છે માટે તે સ્વસંવેદન જ્ઞાન-વીતરાગી જ્ઞાન નથી, રાગવાળું છે.

એક પોતે સ્વ અને બીજું, અનંત પરવસ્તુ આ બે છે, તેમાં સ્વવિષયને છોડી પરનું જ્ઞાન કરે છે તે જ્ઞાન તો જ્ઞાન જ છે પણ તેમાં સાથે રાગ છે. પરવસ્તુનું લક્ષ કરે તેમાં રાગ થયાં વગર રહેતો નથી. એ રાગમાં જીવ ખોવાય જાય છે (-અટકી જાય છે) તેથી પોતાના સ્વભાવનું વીતરાગી જ્ઞાન થતું નથી. ખરેખર જીવ રાગમાં ખોવાઈ જતો નથી પણ ભ્રમથી એમ માને છે.

એક તરફ રામ અને એક તરફ ગામ. એક તરફ ચિદાનંદ આત્મારામ અને

બીજી તરફ આખી દુનિયા. તેમાં સ્ત્રી, પુત્ર, પરિવાર હો, વેપાર-ધંધા હો કે દેવ-શાસ્ત્ર-ગુરુ હો એ બધાં આત્મારામથી પરચીજ છે. પોતાના સ્વસ્વભાવને જે વેદે તે રાગ રહિત પોતાનું સ્વસંવેદનજ્ઞાન છે. તે ધર્મની પ્રથમ ભૂમિકા છે.

વસ્તુ અનાકુળ, અતીન્દ્રિય, પરમ શાંતરસનો પિંડલો છે તેનું જ્ઞાન-તેનું લક્ષ-તેનું ધ્યેય કરતાં જે જ્ઞાન થાય તેમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગનો અભાવ હોય છે. તે જ ખરું વીતરાગી સ્વસંવેદન જ્ઞાન છે. તે જ અપૂર્વ છે. પરંતુ જ્ઞાન કે જે રાગસહિત છે તે તો નિગોદથી માંડીને નવમી ગ્રૈવેઈક સુધીના જીવો અનાદિથી કરતાં જ આવ્યાં છે તે કાંઈ અપૂર્વજ્ઞાન નથી. જાણવાનો તો જીવનો સ્વભાવ છે માટે દરેક સમયે જાણવાનું કાર્ય તો તે કરી જ રહ્યો છે પણ એકલાં પરના લક્ષે થયેલાં જ્ઞાનની સાથે રાગ-દ્વેષ, રતિ-અરતિ આદિ વિકાર ભાવ થાય છે માટે તે ખરું સ્વ-સંવેદનજ્ઞાન નથી.

અરે! આવા વીતરાગમાર્ગની વાતો કાને ન પડે તો વિચારે ક્યાંથી? અને એ પરથી હટીને સ્વસંવેદન ક્યાંથી કરે? અને સમ્યગ્દર્શનરૂપી બીજ ઉગ્યા વગર કેવળ-જ્ઞાનરૂપી પૂનમ ક્યાંથી ઊગે? જેને આ માર્ગ મળ્યો છે અને સમ્યકત્વરૂપી બીજ ઊગી છે તેને કેવળજ્ઞાનરૂપ પૂનમ થયા વગર રહેતી નથી.

સ્વસ્વરૂપનું સંવેદનજ્ઞાન થતાં સમ્યગ્દષ્ટિને પરસ્વરૂપનું પણ યથાર્થ જ્ઞાન થઈ જાય છે કે આ કોઈ પરદ્રવ્ય, પરભાવ મારાં નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાનનું સામર્થ્ય એટલું ખીલી જાય છે.

નિજ આત્માનું સ્વસંવેદનજ્ઞાન ચોથા-પાંચમાં ગુણસ્થાને રહેલાં સમ્યગ્દષ્ટિ અને શ્રાવકને પણ હોય છે માટે કોઈ એમ માને કે મુનિદશામાં જ સ્વસંવેદન હોય, પહેલાં ન હોય એ વાત યથાર્થ નથી.

વિષયોના આસ્વાદરૂપ રાગનું વેદન તે વીતરાગ નથી અને ચોથા-પાંચમાં ગુણસ્થાનમાં પણ જે રાગ છે તેનાથી પણ રહિત સ્વસંવેદનજ્ઞાન છે એ બતાવવા જ્ઞાનને 'વીતરાગ' વિશેષણ આપ્યું છે.

જીવ મૂઢ નથી. જીવ તો ચૈતન્ય બાદશાહ છે. સૂર્ય તો હજાર કિરણોવાળો હશે પણ આ ચૈતન્યસૂર્ય તો અનંત કિરણ સહિત શોભાયમાન છે. તેને ઓળખીને તેનો સ્વીકાર કર!

એક ભાઈ કહેતાં હતાં કે લોકો માથામાં પેંથીએ પેંથીએ તેલ નાંખે છે પણ અહીં તો વાળે વાળે (એક એક વાળમાં) તેલ નખાય છે. પણ, આ ખબર કોને પડે?

જેને લગની હોય તેને ખબર પડે. જેને લગની લાગે તેને પરમાત્મા મળ્યા વિના રહે નહિ એવી આ વાત છે.

ગોળના રવાને જ્યાંથી ચીરો ત્યાંથી ગળપણ જ નીકળે તેમ ભગવાન આત્મા આખો પૂર્ણ જ્ઞાનાનંદરસથી ભરપૂર છે તેમાં જ્યાં નજર નાંખો ત્યાં જ્ઞાન, આનંદ અને શાંતિ જ થાય.

મિથ્યાદૃષ્ટિને અનંતાનુબંધી કષાય છે ત્યાં સુધી એકલાં વિકારનું જ વેદન છે, ત્યાં સુધી તે બહિરાત્મા છે તેને આત્માનું જ્ઞાન કે વેદન કાંઈ નથી. તે ભલે ૧૧ અંગ ને ૯ પૂર્વ ભણ્યો હોય પણ તેને સમ્યગ્જ્ઞાન નથી, સ્વસંવેદન નથી અને સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનમાં બીજું કાંઈ પણ જ્ઞાન ન હોય તોપણ, સ્વસંવેદન જ્ઞાન છે છતાં હજી ત્રણ કષાય બાકી રહ્યા હોવાથી સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં બીજના સૂર્યની જેમ પૂનમ જેવો પ્રકાશ નથી. જેટલું જ્ઞાન છે તે જ વીતરાગી છે. સાથે રાગ છે તેટલી વીતરાગતા નથી-પૂર્ણ જ્ઞાનનો પ્રકાશ નથી. જેટલું રાગરહિત જ્ઞાન છે તેને જ વીતરાગ વિશેષણ લાગુ પડે છે.

પ્રથમ ગુણસ્થાનમાં તો આત્માનું જ્ઞાન નથી અને વીતરાગતાનો અંશ પણ નથી, એકલો રાગ અને પરલક્ષી જ્ઞાન છે. ચોથા ગુણસ્થાનમાં સ્વનું જ્ઞાન અને બીજના ચંદ્ર જેવો વીતરાગી પ્રકાશ છે. એક અનંતાનુબંધી કષાયનો જ અભાવ થયો હોવાથી વિશેષ વીતરાગતા નથી.

શ્રાવકને અનંતાનુબંધી કષાય ઉપરાંત અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો પણ નાશ થયો હોવાથી બે કષાયના અભાવવાળો વીતરાગી પ્રકાશ પ્રગટ થાય છે. તેથી ચોથા ગુણસ્થાનવાળા કરતાં પાંચમાં ગુણસ્થાનવાળાનો વીતરાગભાવ વધી જાય છે અને રાગભાવ ઘટી જાય છે.

અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન આ બે કષાય ટળીને જેટલો વીતરાગભાવ વધે છે તેને પાંચમું ગુણસ્થાન કહેવાય છે અને જેટલો રાગ બાકી છે તે પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયનો છે.

જેટલો વીતરાગભાવ છે તે ધર્મ છે. શ્રીમદ્ કહે છે ને, અત્યારે વીતરાગભાવ તો નથી પણ વીતરાગભાવને કહેનારી કથની પણ ઘસાય ગઈ છે,-પ્રરૂપણા ઘસાય ગઈ છે.

આ તો અંતરની વાતો છે ભાઈ! બહારથી તેનું માપ નીકળે તેમ નથી. બહારમાં તો મગરમચ્છ હોય અને તેને પાંચમું ગુણસ્થાન હોય અને મોટો રાજા હોય અને મિથ્યાદૃષ્ટિ હોય. અરે! નગ્ન દિગંબર સાધુ થયો હોય, નવ પૂર્વનું જ્ઞાન હોય

છતાં મિથ્યાદૃષ્ટિ હોય. અંતરમાં જેટલાં કષાયનો અભાવ થાય છે તેટલી વીતરાગતા વધતી જાય છે. તેનું માપ બહારથી આવતું નથી.

જેમ જેમ રાગ ઘટીને વીતરાગતા વધતી જાય છે તેમ તેમ સ્વસંવેદનજ્ઞાન પણ પ્રબળ થતું જાય છે. સ્વ વિષયને પકડવામાં પ્રબળપણું આવે છે.

મુનિને ત્રણ કષાય ચોકડીનો અભાવ હોય છે તેથી તેમનો રાગ બળ વગરનો થઈ જાય છે. રાગનો અભાવ થયો નથી પણ બળ તૂટી જાય છે અને વીતરાગતા પ્રબળ થઈ જાય છે.

વસ્તુસ્વરૂપના ભાન વગરની એકલી ક્રિયામાં તો કર્તાબુદ્ધિ અને બહિરાત્મબુદ્ધિ છે. સર્વજ્ઞ પરમાત્માને વીતરાગી પ્રકાશ પૂર્ણ પ્રગટ થાય છે અને જ્યારથી એ પ્રકાશ શરૂ થાય છે તે સમ્યગ્દર્શન-ચોથું ગુણસ્થાન છે. વીતરાગી-વિજ્ઞાન પ્રકાશ થયા વિના ધર્મની શરૂઆત ન થાય. ચોથા ગુણસ્થાને આ વીતરાગી-વિજ્ઞાન અંશે પ્રગટ થઈ જાય છે અને પછી વધતું જાય છે.

છઠ્ઠા ગુણસ્થાનમાં સ્વરૂપને પકડનારું વીતરાગી-વિજ્ઞાન એકદમ પ્રબળ બની જાય છે. સ્વસંવેદનનો પ્રકાશ વધી જાય છે. સંજ્વલન કષાયનો રાગ બાકી છે એ અપેક્ષાએ છઠ્ઠા ગુણસ્થાનમાં સરાગ સંયમ કહેવાય છે. પણ ત્યાં ત્રણ કષાય ચોકડી એટલે ત્રણ પ્રકારના ક્રોધ, માન, માયા, લોભનો તો અભાવ થઈ ગયો હોય છે. પંચ મહાવ્રત આદિના વિકલ્પરૂપ રાગ હોય છે એટલે પૂર્ણ વીતરાગ જેવો પ્રકાશ તેમાં હોતો નથી.

સાતમાં ગુણસ્થાનમાં સંજ્વલન કષાયના ક્રોધ, માન, માયા, લોભ મંદ પડી જાય છે. તેમાં આહાર, વિહાર આદિની ક્રિયા તો નથી પણ વિકલ્પ પણ હોતો નથી. સાતમાં ગુણસ્થાને મુનિ આત્મધ્યાનમાં આરૂઢ થઈ જાય છે. સાતમાંમાંથી છઠ્ઠા ગુણસ્થાને આવે ત્યારે મુનિને આહાર-વિહાર આદિનો વિકલ્પ ઊઠે છે. આવું છઠ્ઠું-સાતમું ગુણસ્થાન મુનિને હજારો વાર આવે છે ને જાય છે. સંજ્વલન કષાય છઠ્ઠા ગુણસ્થાનમાં તીવ્ર અને સાતમાં ગુણસ્થાનમાં મંદ હોય છે.

આઠમાં ગુણસ્થાનમાં ચોથી ચોકડી એકદમ મંદ પડી જાય છે અને વીતરાગભાવ એકદમ પુષ્ટ થાય છે. આઠમાં ગુણસ્થાનમાં મુનિ ધ્યાનમાં જ હોય છે. શુદ્ધિની એકદમ વૃદ્ધિ થવા માંડે છે તેને શ્રેણી કહેવાય છે. તેમાં સ્વસંવેદનજ્ઞાનનો વિશેષ પ્રકાશ થાય છે એટલે જ્ઞાનાનંદ પ્રભુને પકડવાની શક્તિ વધી જાય છે અને રાગ એકદમ ઘટી જાય છે એટલે આત્માનું ઉજળું ધ્યાન-શુકલધ્યાન પ્રગટ થાય છે.

આઠમાં ગુણસ્થાને શુદ્ધતાની શ્રેણીના બે પ્રકાર હોય છે. એક ક્ષપક શ્રેણી અને એક ઉપશમ શ્રેણી. ક્ષપક શ્રેણીવાળા મુનિરાજની સ્થિરતા એવી ક્ષાયિકભાવે ઉપડે છે કે અંતઃમુહૂર્તમાં કેવળજ્ઞાન પામીને મુક્ત થઈ જાય છે અને ઉપશમશ્રેણીમાં મુનિરાજ આઠ, નવ, દશ અને અગિયારમાં ગુણસ્થાનને સ્પર્શીને પાછાં પડી જાય છે. તેને એક-બે ભવ પણ થાય છે પછી મુક્ત થાય છે.

ક્ષપક શ્રેણી ચડેલાં મુનિરાજ દશમાં ગુણસ્થાનેથી અગિયારમાં ને સ્પર્શ્યા વિના બારમાં ગુણસ્થાનમાં પહોંચી યથાખ્યાતચારિત્ર પ્રગટ કરે છે. બારમાંના અંતમાં જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અંતરાયનો પણ નાશ કરી તેરમાં ગુણસ્થાનમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે. ત્યાં જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ પ્રગટ થઈ જાય છે અને આત્મા શુદ્ધ પરમાત્મા બની જાય છે.

આ ગાથામાં ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધીના અંતરાત્માની વાત કરી છે. એક એક ગુણસ્થાનમાં અંતરાત્માને શુદ્ધતા વધતી જાય છે અને જ્યારે પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય છે તે પરમાત્મદશા છે. આમ, આ ૧૨મી ગાથામાં આત્માની અંતરાત્મદશાનું સુંદર વર્ણન થયું. [ ક્રમશઃ ]

## હું જ્ઞાયક છું....જ્ઞાયક છું....

જેમ માટીના કોરા વાસણમાં પાણીના ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે, તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું....જ્ઞાયક છું...એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી–અભવીને અનંતીવાર મંદ પડ્યો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. ૩૩.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી, દૃષ્ટિનાં નિધાન

# ધર્મી બોલે છતાં અબોલ

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૬ )

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઇષ્ટોપદેશ શાસ્ત્રની આ ૪૧ મી ગાથાનો વિશદાર્થ ચાલે છે.

જેને પોતાનું હિત કરવું છે તેણે સૌ પ્રથમ દૃઢ પ્રતીતિ દ્વારા આત્માને પોતાનો વિષય બનાવવો જોઈએ. એટલે શ્રદ્ધા-જ્ઞાનમાં એવી દૃઢ પ્રતીતિ થવી જોઈએ કે હું તો શુદ્ધ જ્ઞાન અને આનંદનો પિંડ છું. ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યબિંબ જ્ઞાયક સ્વરૂપે પડયો છે તેને દૃઢ પ્રતીતિનો વિષય બનાવવો જોઈએ.

જેને ધર્મ કરવો છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવું છે તેણે શ્રદ્ધા-જ્ઞાનનો વિષય આત્માને બનાવવો જોઈએ. આત્માને જે વિષય બનાવે છે તેને પરદ્રવ્ય મારાં છે અને તેમાં હું ફેરફાર કરું તો થાય એવી બુદ્ધિનો નાશ થઈ જાય છે.

જેને પોતાના હિતનું કાર્ય કરવું છે તેણે પોતાના સ્વભાવની અભિમુખતા કદી છોડવી ન જોઈએ. કોઈ સંસ્કારવશ કે કમજોરીવશ કંઈક રાગ આવી જાય તોપણ તેને ભલો ન જાણતાં એક સ્વભાવને જ હિતરૂપ જાણે છે. ધર્મીને કોઈ ઉપદેશ કરવાનું કહે તો ધર્મલોભી જીવને જોઈને પોતાની નબળાઈને કારણે ઉપદેશ દેવાના ભાવ થાય અને આપે તોપણ ધર્મીને સ્વભાવની અભિમુખતા છૂટતી નથી અને ઉપદેશના શબ્દો કે રાગની અભિમુખતા–સન્મુખતા થતી નથી.

જેમ કોઈ દરિદ્રતાની ઇચ્છા કરતું નથી છતાં આવી પડે છે તેમ ધર્મીને કદાચિત્ રાગ આવી જાય છે પણ તેની ઇચ્છા નથી. તે રાગના સ્વામી થતાં નથી. તેથી ધર્મી બોલે છે છતાં બોલતાં નથી. બોલવા તરફ તો ધર્મીનો ઝુકાવ–સન્મુખતા–અભિમુખતા નથી પણ બોલવાના વિકલ્પ તરફ પણ ધર્મીનો ઝુકાવ નથી. ઝુકાવ તો એક પોતાના નિધાન તરફ જ છે માટે તે બોલે છતાં અબોલ છે.

જેમ કોઈ જંગલમાં ગયો હોય ને પાંચ કરોડનો ચરુ ખ્યાલમાં આવી જાય તો કોઈ ન જોઈ જાય એમ ઢાંકીને પાછો આવે પણ તેનું લક્ષ તો ત્યાં જ હોય કે કયારે હું એ ચરુ કાઢીને લઈ આવું. તેમ ધર્મીએ અનંતગુણનું નિધાન પોતાનો સ્વભાવ જોઈ લીધો છે. હું જ અનંત જ્ઞાન-દર્શન, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંતગુણનો રાશિ છું

એવી શ્રદ્ધા અને જ્ઞાન વર્તે છે તેથી ધર્મીનું લક્ષ તો એક જ છે કે હું ક્યારે મારાં સ્વભાવમાં એકાગ્ર થઈને નિધાન ખોલી નાખું! આમ ધર્મીને નિરંતર આત્મસન્મુખતા જ રહે છે.

અહા! જગતને મોહે કેવું લૂંટી લીધું છે કે આ કરું ને તે કરું પણ અરે ભાઈ! એક આંખની પાંપણ ઊંચી-નીચી કરવી એ પણ તારું કાર્ય નથી. એ જડ રજકણની સ્વતંત્ર અવસ્થા છે અને વિકલ્પ ઉઠે છે તે પણ તે સમયનો ઉપાધિભાવ છે; સ્વભાવ નથી તેથી જેને સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેને વિકલ્પમાં રુચિ થતી નથી.

પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેવા ધર્મીને આત્મજ્ઞાન સિવાય બીજાં કાર્યોમાં ઉપયોગ જાય તો પણ ત્યાં લાંબો સમય ટકતો નથી. કમજોરીવશ જાત્રા, પૂજા, ભક્તિ આદિના ભાવ આવી જાય છે પણ તેની અભિમુખતા થતી નથી. ભગવાન જેના ભરોસામાં આવી ગયો તેને બીજે ક્યાં રુચિ લાગે?

પ્રશ્નઃ—વ્યવહાર પહેલાં હોય કે નિશ્ચય પહેલાં હોય?

પૂજ્ય ગુરુદેવ :—પહેલાં નિશ્ચય હોય પછી વ્યવહાર હોય. સ્વાશ્રય તે નિશ્ચય છે તેના વગર પરાશ્રયરૂપ વ્યવહાર ક્યાંથી હોય! નિશ્ચયનું લક્ષ સ્વસન્મુખ છે અને વ્યવહારનું લક્ષ પરસન્મુખ છે તો પહેલાં પરસન્મુખતા કરે તો પછી સ્વસન્મુખતા થાય એમ કદી બની શકે! દાદરા ઉપર ચડવું હોય તો પહેલાં ભોંયતળિયે ઉતરે પછી ઉપર ચડાય એવું કદી હોય?

જીવોને ધર્મ તો કરવો છે પણ ધર્મી એવો આત્મા કેવો છે તેની ઓળખાણ વગર ધર્મ ક્યાંથી થાય? બહિર્મુખની લાગણી તો જીવને અનાદિથી છે જ. તેનાથી તો કદી પોતાનું હિત થયું નથી–સ્વભાવ ખ્યાલમાં આવ્યો નથી, તો પછી પહેલાં પરાશ્રિત વ્યવહાર હોય પછી સ્વાશ્રિત નિશ્ચય થાય એ વાત કેમ બને! વસ્તુની સ્થિતિ એવી છે જ નહિ. પહેલાં તો સ્વાશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયધર્મ પ્રગટ કરે ત્યારે જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી ચારિત્રની વિપરીતતામાં દયા-દાન-પૂજા આદિનો રાગ પરાશ્રિત-ભાવ આવ્યા વિના રહેતો નથી. તે રાગને વ્યવહાર કહેવાય છે. પરસમય–ઉપાધિભાવ–બંધભાવ પણ તેને જ કહેવાય છે.

સ્વાશ્રિતદૃષ્ટિ પ્રગટ થયા પછી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પરાશ્રિત એવો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી પણ તે દોષરૂપ છે તેનો ધર્મીને ઉત્સાહ ન હોય.

પ્રશ્નઃ—વ્યવહારને પ્રયોજનવાન કહ્યો છે ને?

પૂજ્ય ગુરુદેવઃ—વ્યવહારને જાણેલો પ્રયોજનવાન કહ્યો છે. આદરવા માટે પ્રયોજનવાન નથી કહ્યો.

બાપુ! તારી ઋદ્ધિ એવી મહાન છે કે તેને વાણીમાં કહી શકાય તેમ નથી પણ એવી ઋદ્ધિની તને ખબર નથી. તું બહારમાં ઝાંવાં નાખે છે. આમ ઝાંવાં નાખતાં નાખતાં અનંતકાળ ચાલ્યો ગયો પણ કદી સુખ મળ્યું નહિ. સમયસાર ૪૧૩ મી ગાથામાં કહ્યું છે કે જીવો અનાદિથી અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ છે.

સ્વાશ્રય તે જ મુક્તિનું કારણ છે, પરાશ્રિત વ્યવહાર તો બંધનું કારણ છે છતાં અજ્ઞાનીની દૃષ્ટિમાં એમ છે કે કાંઈક મને પર પ્રત્યે ભાવ હોય તો મારું હિત થાય. આવી દૃષ્ટિ હોય ત્યાં સુધી સ્વાશ્રિતતા આવે નહિ અને હિત થાય નહિ. બહુ સીધી અને સરળ વાત છે પણ લોકોએ તેને અઘરી માની લીધી છે.

પ્રશ્ન:—સ્વાશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર બન્ને એક સમયમાં જ છે?

પૂજ્ય ગુરુદેવ:—બન્ને એક સમયમાં જ છે. સ્વનો આશ્રય લઈને જેટલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં તેટલી સંવર-નિર્જરા છે અને જેટલી પરાશ્રિતતા છે તેટલો રાગ છે, તે વ્યવહાર છે. આમ નિશ્ચય–સંવર-નિર્જરા અને વ્યવહાર–રાગ બન્ને એક સમયમાં જ સાધકને હોય છે.

ભગવાન કહે છે કે તું સઘળોય વ્યવહાર છોડી દે. બંધ અધિકારમાં આચાર્ય કહે છે કે ભગવાને પરદ્રવ્યને મારી–જીવાડી શકું છું એવો મિથ્યા અધ્યવસાયરૂપ વ્યવહાર છોડાવ્યો છે તેમાં અમે તો કહીએ છીએ કે ભગવાને પરાશ્રિત એવો સઘળો વ્યવહાર છોડાવ્યો છે એટલે વ્યવહારની સન્મુખતા જ છોડાવી છે.

એક છૂટવાનો ઉપાય અને એક બંધનું કારણ એવા નિશ્ચય–વ્યવહાર બંને એક સાથે જ છે, જ્ઞાનધારા અને કર્મધારા બંને સાથે ચાલી રહી છે. પણ તે બંને ભિન્ન છે, વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર છે પણ તે છોડવાલાયક છે તેમ જાણો!

ચોથું, પાંચમું, છઠ્ઠું એમ ગુણસ્થાનમાં ભેદ છે તે વ્યવહારનયનો જ વિષય છે. ત્રિકાળ સ્વભાવ નિશ્ચય છે તેમાં સમ્યગ્દર્શનની પર્યાય પણ ભેદ છે–વ્યવહાર છે. તેને ન માને તો તીર્થ જ રહેતું નથી. માટે વ્યવહાર છે પણ તે આદરવા લાયક નથી.

છોકરાએ કથાનું પુસ્તક વાંચવા માંડયું હોય, ખૂબ રસ પડયો હોય અને વાંચતાં–વાંચતાં ચાર–પાંચ પાના બાકી હોય ત્યાં પિતા કાંઈ કામ સોંપે તો વાંચવાનું પડતું મૂકીને કામ કરવા જવું પડે પણ તેને લગની એક જ હોય કે ક્યારે કામ પતે ને હું કથા પૂરી કરું? એમ ધર્મીએ શુદ્ધ જ્ઞાયકને ધ્યેય બનાવ્યો છે તેમાં વચ્ચે રાગાદિ આવી જાય છે પણ તેને લગની એક જ છે કે ક્યારે હું રાગથી છૂટીને મારા સ્વભાવમાં એકાગ્ર થઈ જાઉં? અંતરથી પ્રભુનો રંગ લાગ્યો તે હવે કેમ છૂટે!

ધર્મીને રાગ આવે છે પણ તેમાં એકાકાર થતાં નથી, સ્વામી થતાં નથી, તેનાથી

જુદાં જ રહે છે. અતીન્દ્રિય આનંદનાં આસ્વાદી ધર્મીને શરીરના નિભાવ માટે ભોજનનો વિકલ્પ ઉઠે છે તો ભોજન લે છે પણ અંતરમાં તે ભોજન પ્રત્યે સન્મુખતા નથી.

અહો ! પરમાત્મપર્યાય મારી પરમાત્મશક્તિમાંથી નીકળે છે, હું પૂર્ણાનંદનો નાથ છું એવી શ્રદ્ધા–જ્ઞાન સહિત ધર્મી બોલે છતાં અબોલ છે, પરદ્રવ્યની કોઈપણ ક્રિયા થાય તેના સ્વામી થતાં નથી. સિદ્ધપ્રતિમાને દેખતાં છતાં દેખતા નથી. કેમ ? કેમ કે ભગવાનના દર્શનના વિકલ્પ પ્રત્યે તેની સન્મુખતા નથી. તેની સન્મુખતા તો એક જ્ઞાયક તરફ છે.

આત્માના આશ્રય વિના ત્રણકાળમાં કદી જન્મ-મરણનો અંત આવતો નથી. ભલે સાક્ષાત્ ભગવાનનો આશ્રય લે તોપણ જન્મ-મરણનો અંત આવતો નથી. પોતાની ભક્તિથી જન્મ-મરણનો અંત આવે છે અને ભગવાનની ભક્તિથી શુભભાવ થાય છે. સમ્મેદશિખરની યાત્રાથી ૪૯ ભવે મોક્ષ થાય છે કે શત્રુંજયમાં સ્નાન કરવાથી ભવનો અભાવ થાય છે એ બધી વાતો જૂઠી છે. આખી જિંદગી વ્રત પાળો, તપ કરો, યાત્રા કરો તોપણ તેનાથી મુક્તિ મળતી નથી. એક સ્વાશ્રય વિના કોઈથી મુક્તિ નથી. મુક્તિ તો શું પણ સંવર-નિર્જરા પણ પરાશ્રિતભાવથી થતી નથી.

પ્રશ્ન :—શાસ્ત્રમાં ઘણી જગ્યાએ ભગવાનના આશ્રયે મુક્તિ કહી છે. છઢાળામાં પણ વ્યવહારમોક્ષમાર્ગને નિશ્ચયનું કારણ હેતુ કહ્યો છે. અને આપ કહો છો પરાશ્રિત ભાવ--વ્યવહાર નિશ્ચયનું કારણ નથી.

પૂજ્ય ગુરુદેવ :—એ તો શાસ્ત્રમાં નિમિત્તથી કથન કર્યું હોય ત્યાં એવી વાત આવે. ઉપાદાનથી કાર્ય થાય તેમાં જે અનુકૂળ હોય તેને નિમિત્તકારણ તરીકે આરોપ અપાય છે. ઘડો બને તેમાં કુંભાર અનુકૂળ નિમિત્ત કહેવાય અને ઘડાની પર્યાય તેને અનુરૂપ કહેવાય, પણ ત્રણકાળ ત્રણલોકમાં કુંભાર ઘડો બનાવી શકતો નથી એ નિશ્ચય છે.

અહીં તો કહે છે કે રાગનો ઉત્પાદ થાય તોપણ ધર્મીની દૃષ્ટિ જ્ઞાયક પરથી છૂટીને રાગ તરફ અભિમૂખ થતી નથી. રાગ પોતાથી થાય છે કર્મથી નહિ. ‘ કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ ! ’ અગ્નિ લોઢાનો સંગ કરે છે તો તેને ઘણના ઘા પડે છે તેમ આત્મા કર્મનો સંગ કરે છે માટે દુઃખી થાય છે, તેમ ધર્મીને રાગ છે તેટલું દુઃખ છે પણ રાગની અભિમુખતા નથી.

આ તો ન્યાયમાર્ગ છે ભાઈ ! સંતો પણ ભગવાને કહેલાં ન્યાયથી જ વાત કરે છે પણ લોકોએ માર્ગને મરડી નાંખ્યો છે. પાંચ-પાંચ લાખના બે--ત્રણ મંદિર બંધાવે ત્યાં લોકો તેને ધર્મીનું બિરૂદ આપી દે છે.

વાહ રે વાહ! જે સમયે જે પર્યાય થવાની છે તેને કોણ ફેરવી શકે? તેનું કોણ રૂપાંતર કરે કે કોણ કાળાંતર કરે કે કોણ ક્ષેત્રાંતર કરે! એ તો જે સમયે જે પર્યાય થવાયોગ્ય છે તેને આગળ-પાછળ કરવા ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી. જે થાય છે તે જ્ઞાતાનું જ્ઞેય છે તેને જાણી લે! પણ મારાથી થાય છે એમ માનવું રહેવા દે.

દિગંબર સંતોની વાત પૂર્વાપર અવિરોધી હોય. તેમાં કોઈને કયાંય વિરોધ ન આવે. સંતો બધાં વીતરાગના વારસદાર છે. સંતો કહે છે કે ભગવાન આમ કહે છે કે સ્વાશ્રયથી જ લાભ છે, પરાશ્રયથી બિલકુલ લાભ નથી. શાસ્ત્ર પણ આમ જ કહે છે, મુનિઓ પણ આમ જ કહે છે, માર્ગ પણ આમ જ છે અને વસ્તુની સ્થિતિ પણ એમ જ છે. તેમાં કયાંય પરસ્પર વિરોધ નથી.

જેટલી સ્વસન્મુખતા થાય છે તેટલો મોક્ષમાર્ગ છે અને જેટલી પર-સન્મુખતા છે તે બંધમાર્ગ છે.

પૂજ્યપાદસ્વામી ધર્મીનું સ્વરૂપ બતાવતાં કેવો સરસ ઇષ્ટ ઉપદેશ આપે છે કે:—

દેખે પણ નહીં દેખતાં. બોલે છતાં અબોલ,
ચાલે છતાં ન ચાલતાં, તત્ત્વસ્થિત અડોલ. ૪૧.

લોકો શક્તિની પૂજા કરવાનું કહે છે ને! આ ચૈતન્યશક્તિની પૂજા કરવાની છે. ચૈતન્ય પોતે ઇશ્વર છે તેનો આશ્રય લેવાથી હિત છે.

ધર્મીને જ્યાં સુધી પૂર્ણ સ્વાશ્રયભાવ ન થાય ત્યાં સુધી પરાશ્રયભાવ છૂટતો નથી તેથી ભગવાનની પૂજા-ભક્તિનો ભાવ આવ્યા વગર રહેતો નથી પણ તે ભાવથી લાભ છે એમ નથી. તેમ સ્વાશ્રયભાવ છે માટે તે શુભભાવ છે એમ પણ નથી અને તે શુભભાવ છે માટે સંવર-નિર્જરા છે એમ પણ નથી.

આમ, નિશ્ચય-વ્યવહાર બંને છે. નથી એમ નથી પણ વ્યવહાર છે તે ધર્મીને હેયબુદ્ધિએ હોય છે તેનો જો નિષેધ કરે તો તત્ત્વનો જ નિષેધ થાય છે. કેમ કે જ્યાં સુધી પૂર્ણતા ન થાય અને મનનું અવલંબન છે, ત્યાં સુધી મનમાં શુભભાવ આવ્યા વગર રહે નહિ. માટે કોઈ એમ કહે કે ધર્મીને શુભભાવ હોય જ નહિ તો તે ધર્મને સમજતો જ નથી. તેની દૃષ્ટિ જ જૂઠી છે. તે તત્ત્વને સમજતો નથી, વ્યવહારને સમજતો નથી, નિમિત્તને સમજતો નથી. આવી વસ્તુસ્થિતિ છે ભાઈ! [ક્રમશઃ]

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

આ લોક-અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. લોકમાં અનંત દ્રવ્યો ભિન્નભિન્ન છે, તે દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ સત્ છે, દરેક દ્રવ્યમાં ક્ષણે ક્ષણે નવી પર્યાય ઊપજે છે, જૂની પર્યાય ટળે છે ને વસ્તુપણે તે ધ્રુવ રહે છે. બધાં દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત છે. એ અપેક્ષાએ તેમનામાં સમાનપણું છે. પણ તેમના વિશેષ ગુણ-પર્યાયોથી ભિન્નસ્વરૂપ છે. જીવમાં ચેતનાગુણ છે, પુદ્ગલમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે. એમ ગુણોથી તેમને ભિન્નતા છે. સત્પણું તો બન્નેમાં છે, પણ તેમાં એક ચેતન ને બીજું જડ એવા ભેદો છે.

વળી એક દ્રવ્યમાં ત્રણ કાળના અનંત પર્યાયો છે પણ તેમાં દ્રવ્યપણે તો એકતા છે. પર્યાયથી જુઓ તો ભિન્નભિન્ન અનેકતા ભાસે છે પણ દ્રવ્યપણે તો એકતા જ છે. પહેલાં બધા દ્રવ્યોનાં સત્પણાની અપેક્ષાએ એકતા કહીને પછી એક જ દ્રવ્યમાં પોતાના અનંત પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકતા કહી. સિદ્ધ પણ સત્ ને નિગોદ પણ સત્, જીવ પણ સત્ ને અજીવ પણ સત્ એમ બધું સત્ છે. તેને જાણવામાં વીતરાગતા જ આવે છે. બધું સત્ છે ને હું તેનો જાણનાર છું, ક્યાંય ફેરવનાર નથી. એવા નિર્ણયમાં વીતરાગતા છે.

એક દ્રવ્યમાં તેના ત્રણકાળના જે પર્યાયો છે તે બધા તે દ્રવ્યસ્વરૂપ છે. ચેતન-દ્રવ્યના ત્રણકાળના પર્યાયો ચેતનરૂપ છે, ને જડના જડરૂપ છે. ચેતનની પર્યાય કદી જડરૂપ ન થાય ને જડની પર્યાય કદી ચેતનરૂપ ન થાય. રાગપર્યાય કે વીતરાગપર્યાય તે ચેતન-દ્રવ્યની જ પર્યાયો છે. આમ સમજે તો જડથી ભિન્નતા જાણે ને ત્રિકાળી દ્રવ્યની પ્રતીતિ થાય. મારા ત્રણકાળના પર્યાયોમાં હું એકરૂપ રહેનારો છું. પર્યાયો ભિન્નભિન્ન હોવા છતાં દ્રવ્યપણે એકતા છે એમ જાણતાં પર્યાયબુદ્ધિ છૂટીને દ્રવ્યબુદ્ધિ થાય તે ધર્મ છે.

ઉત્પાદ-વ્યય-અપેક્ષાએ પર્યાયમાં અનેકતા છે ને ધ્રુવ અપેક્ષાએ એકતા છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ તે સત્ના અંશ છે. કોઈના ઉત્પાદ-વ્યય કોઈ બીજાને કારણે નથી. એક અચેતન પરમાણુના ત્રણકાળના જેટલા પર્યાયો છે તે બધાય અચેતનપણે વર્તે છે. તેની વિધવિધ પર્યાયો તેના કારણે થાય છે. ધ્રુવપણે તેનો એકરૂપ સ્વભાવ છે, ને ઉત્પાદ-વ્યયપણે તેનો જ અનેકરૂપ થવાનો સ્વભાવ છે. કર્મ તે અચેતનની પર્યાય છે, તે કદી જીવરૂપ થાય નહિ. કાને બહેરો હોય ત્યાં સાંભળી ન શકાય, પણ ત્યાં જીવના જ્ઞાનની જ તેવી યોગ્યતા છે, કાન તો અચેતનની પર્યાય છે, ને જ્ઞાન તો જીવની પર્યાય છે.

ત્રણકાળની પર્યાયોમાં દ્રવ્ય-અપેક્ષાએ એકતા છે, અને દરેક સમયના પર્યાયો ભિન્નભિન્ન પણ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન છે, તેના ગુણો ભિન્ન છે ને તેની પર્યાયો પણ ભિન્નભિન્ન છે અને એક દ્રવ્યના ત્રણ કાળના પર્યાયોમાં પણ દરેક સમયની પર્યાય પોતપોતાના કાળે સત્ છે, પહેલી પર્યાય કરતાં બીજી પર્યાય ભિન્ન છે. પહેલી પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી. પર્યાય તે કાળે સત્ છે તે કયાંથી આવી? એમ કહેવું હોય તો તે ધ્રુવ દ્રવ્યમાંથી આવી છે એમ કહેવાય. પૂર્વપર્યાયનો તો વ્યય થઈ જાય છે. ત્રણ કાળની પર્યાયો ધારાવાહીપણે સત્ છે. પહેલાં સમયની પર્યાય પહેલાં સમયે સત્ ને બીજા સમયની પર્યાય બીજા સમયે સત્ છે. પહેલી પર્યાયમાં અજ્ઞાન હોય ને બીજી પર્યાયમાં સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. જુઓ! દરેક પર્યાય પોતપોતાના સ્વરૂપથી સત્ છે ને પછીની પર્યાયોથી અસત્ છે. અહો! જ્ઞાન શું કરે? કે સત્‌ને જેમ હોય તેમ જાણે. પણ તેમાં કાંઈ ફેરવે નહીં. પર્યાય સત છે તે સત્‌ને કોણ ફેરવે? અનંત પર્યાયોમાં દ્રવ્ય-અપેક્ષાએ એકતા હોવા છતાં ત્રણકાળના પર્યાયો ભિન્નભિન્ન છે. આવો જ લોકના પદાર્થોનો સ્વભાવ છે. ત્યાં "આમ કેમ?" એવો પ્રશ્ન રહેતો નથી. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. ને પદાર્થો પ્રમેય સ્વભાવવાળા છે. તેઓ પ્રમેય તરીકે રહે છે ને જ્ઞાન તેને જાણે છે. પણ જ્ઞાન પદાર્થોને ફેરવે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. આંખ અગ્નિને અને બરફને દેખે પણ પોતે તે-રૂપ થઈ જાય નહીં કે તેને ફેરવે નહિ. તેમ જ્ઞાનનો સ્વભાવ બધાને જાણવાનો છે. કોઈ દ્રવ્યને ગુણને કે પર્યાયને ફેરવવાનો તેનો સ્વભાવ નથી.

લોકો કહે કે આવું માને તો તો જંગલમાં જઈને બેસવું જોઈએ. પણ અરે ભાઈ! દરેક તત્ત્વ પોતપોતાના સ્વરૂપમાં જ છે, ને પરનો તો તેનામાં અભાવ જ છે. તેથી દરેક તત્ત્વ એકાંત જંગલમાં જ બેઠું છે, દ્રવ્યમાં પરનો પ્રવેશ છે જ નહિ. અસંગ ચૈતન્યતત્ત્વને પરમાર્થે પરનો સંગ નથી, એવા અસંગ-તત્ત્વને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેનો નિર્વિકલ્પ અનુભવ કરવાની આ વાત છે.

એક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો છે તે પર્યાયોમાં કાળભેદ છે તેથી તે ભિન્નભિન્ન છે. એક સમયમાં બે પર્યાયો થાય નહિ. દરેક પર્યાયનો કાળ ભિન્નભિન્ન છે. એટલે પૂર્વપર્યાયના કારણે વર્તમાન પર્યાય થતી નથી પણ ધ્રુવદ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે માટે પર્યાયના આશ્રયની બુદ્ધિ ન રહી પણ ધ્રુવદ્રવ્યનો જ આશ્રય રહ્યો. પર્યાયનો કાળ એક સમયનો છે ને વસ્તુ તો ત્રિકાળ છે. એમ સમજતાં ક્ષણિક પર્યાય તરફનું વલણ છૂટીને ધ્રુવ વસ્તુ તરફ વલણ થઈ જાય છે, ને ધ્રુવસ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાય થાય છે. આનું નામ ધર્મ છે.

ભૂતકાળની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે. તે ભૂતકાળની પર્યાય વર્તમાનમાં આવતી નથી તો તે શું લાભ-નુકશાન કરે? ભવિષ્યકાળની પર્યાય વર્તમાનમાં આવતી નથી તો

તેમાં તું શું કરીશ? પર પદાર્થો તારામાં આવતા નથી તો તે તને શું લાભ-નુકશાન કરશે?

બધી વર્તમાન પર્યાયને ધ્રુવ તરફ વાળીને તેમાં જ એકાગ્ર થવાનું રહ્યું. પરનો પોતામાં અભાવ છે માટે પરના આશ્રયની બુદ્ધિ ન રહી, એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ છે માટે પર્યાય જેટલી બુદ્ધિ ન રહી, ધ્રુવ દ્રવ્યનો જ આશ્રય કરવાનું રહ્યું. લોકના પદાર્થો અને તેના ત્રણકાળના પર્યાયો જેમ છે તેમ સત્ છે. અહો! એકલો જાણનાર રહી ગયો, તેમાં વીતરાગ ભાવ જ છે! સંતોએ વસ્તુસ્વભાવનું આવું સત્ વર્ણન કર્યું છે. બે પદાર્થો કદી એક થતાં જ નથી, ને એક દ્રવ્યની બે પર્યાયો પણ એક થતી નથી. તો એક-બીજાને શું આપે? દરેક પદાર્થ સ્વતંત્ર ને તેનું સમય સમયનું પરિણમન પણ સ્વતંત્ર! પર્યાયોને કાળભેદ છે પણ પ્રદેશભેદ નથી; આત્માના અસંખ્ય પ્રદેશમાં જ તેની બધી પર્યાયો થાય છે. પહેલી પર્યાયમાં જે અસંખ્ય પ્રદેશો છે તે જ પ્રદેશો ત્રણેકાળની પર્યાયમાં છે, પ્રદેશો ભિન્નભિન્ન નથી. પહેલી પર્યાય અમુક પ્રદેશોમાં થઈ ને બીજી પર્યાય બીજા પ્રદેશોમાં થઈ એવો પ્રદેશભેદ નથી; એક જ દ્રવ્યના બધા પર્યાયો છે. આ રીતે વસ્તુમાં કથંચિત્ એકપણું ને કથંચિત્ અનેકપણું-એવો સ્વભાવ છે. તેમાં વિરોધ નથી. આવા વસ્તુસ્વભાવનું જ્ઞાન કરવું જોઈએ.

આગળ દ્રવ્યને ગુણ-પર્યાયસ્વભાવપણું દર્શાવે છે.

यः अर्थः प्रतिसमयं उत्पादव्ययध्रुवत्वसद्भावः ।
गुणपर्यायपरिणामः सतः सः भण्यते समये ॥ २३७ ॥

અર્થ એટલે વસ્તુ છે તે સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ રહેવાનો છે, હાથનું હલન-ચલન આત્માની ઇચ્છાથી નથી. ઢેડગરોળીની પૂંછડી કપાઈ જતાં તે કંપે છે તે તે પરમાણુને કારણે છે. આત્માના પ્રદેશો તેમાં છે તેથી તે ચાલે છે-એમ નથી. તેમ જ આત્મપ્રદેશો જે ત્યાં કંપે છે, તે આત્માના કારણે કંપે છે પરંતુ તે પૂંછડીના પરમાણુના કારણે નહિ, બન્નેના ઉત્પાદ-વ્યય સ્વતંત્ર છે. કોઈ અન્યને કારણે તે નથી. આત્માના પર્યાયમાં જે દુઃખભાવ થાય છે તે તેના પોતાના કારણે છે, સંધિવા કે બીજા રોગના કારણે નથી. સંધિવા તો શરીરમાં છે. આત્મામાં નથી. આત્મા તેને પોતાનામાં માની લ્યે છે તે જ દુઃખ છે.

ચિંતાદિ-કલ્પના જીવ પોતાના કારણે જ કરે છે, પરંતુ કોઈ આસપાસના સંયોગને કારણે કરતો નથી. આમ પર્યાય પોતાના કારણે જ થાય છે એમ જાણે તો પર સામું જોવાનું રહે નહિ, પોતાના દ્રવ્ય સન્મુખ જ જોવાનું રહે. દરેક દ્રવ્યના ઉત્પાદ-વ્યય સ્વતંત્ર તેના કારણે થાય છે. કોઈ તેમાં ફેરફાર કરી શકે નહિ. આમ જાણે તો પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ તરફ વળવાનું રહે અને શાંતિ પામે. બીજું કાંઈ આત્માનું કાર્ય છે નહિ.

—o—

# પર્યાયબુદ્ધિ છોડીને શુદ્ધસ્વભાવની દૃષ્ટિ કર

(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

આ શુદ્ધભાવનો અધિકાર છે. શુભાશુભભાવો આત્માની પર્યાયમાં થાય છે તે તો નહિ પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે જે શુદ્ધભાવ નવો પ્રગટ થાય તેની પણ અહીં વાત નથી. પરંતુ ચૈતન્યસ્વભાવ–એકરૂપ શુદ્ધ સ્વભાવ જે શુદ્ધતા પ્રગટ થવાનું કારણ છે એવા અનાદિ અનંત એકરૂપ કારણ શુદ્ધભાવનો આ અધિકાર છે. કારણશુદ્ધભાવ કહો, કારણ–પરમાત્મા કહો એકરૂપ સદૃશસ્વભાવ કહો, ચૈતન્યસ્વભાવ કહો, પરમપારિણામિકભાવ કહો–એ બધા એકાર્થવાચક છે. એવા શુદ્ધસ્વભાવના આશ્રયે ધર્મદશા પ્રગટ થાય છે.

યોનિના ભેદો જીવની પર્યાય સાથે સંબંધ ધરાવે છે. ત્રિકાળી શુદ્ધભાવમાં તે ભેદો નથી.

જુદા જુદા આકારરૂપે થવું તે પર્યાયમાં થાય છે, પણ તે આકારો અથવા કુળ જીવના શુદ્ધભાવમાં નથી. હવે યોનિ એટલે ઉપજવાના સ્થાનોની વાત કરે છે.

પૃથ્વીકાયના જીવોને ઉપજવાનાં સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. અપકાયના જીવોને ઉપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. અગ્નિકાયના જીવોને ઉપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. વાયુકાયના જીવોને ઉપજવાના સ્થાનના ભેદો સાત લાખ યોનિમુખ છે. આ બધા ભેદો પર્યાયમાં છે, પણ શુદ્ધસ્વભાવમાં તેવા ભેદ નથી.

નિત્ય નિગોદી જીવોના સાત લાખ યોનિમુખ છે, નિત્યનિગોદમાંથી નીકળી પાછા નિગોદમાં ગયેલા એવા ઈતર નિગોદના જીવોના સાત લાખ યોનિમુખ છે. વનસ્પતિકાયના જીવોના દશ લાખ યોનિમુખ છે, દ્વીન્દ્રિય જીવાનો બે લાખ યોનિમુખ છે, ત્રીન્દ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે' ચતુરિન્દ્રિય જીવોના બે લાખ યોનિમુખ છે, દેવોના ચાર લાખ યોનિમુખ છે, નારકીનાં ચાર લાખ યોનિમુખ છે, તિર્યંચ જીવોના ચાર લાખ યોનિમુખ છે, મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે, બધાં થઈને ૮૪,૦૦,૦૦૦ યોનિમુખ છે. આ બધા યોનિના ભેદો એક સમયની પર્યાયમાં લાગુ પડે છે, ત્રિકાળ શુદ્ધભાવમાં તે નથી.

ચૌદ જીવસ્થાનોના ભેદ પર્યાયમાં છે. જીવના શુદ્ધભાવમાં તેવા ભેદ નથી.

સૂક્ષ્મ (નજરે ન દેખાય તેવા) એકેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત (એટલે જેની પર્યાપ્તિ પૂરી ન થઈ હોય તેવા) સ્થૂલ એકેન્દ્રિય પૃથ્વી–પાણી વગેરે પર્યાપ્ત ને

અપર્યાપ્ત, દ્વીન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે. જીવની પર્યાયમાં આવા જુદા જુદા ભેદો જોવામાં આવે છે પણ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ આત્મામાં તેવા ભેદ નથી.

**ચૌદ માર્ગણાસ્થાનોના ભેદ પર્યાયમાં પડે છે. જીવના શુદ્ધભાવમાં એવા ભેદ નથી.**

**ગતિ:**—મનુષ્ય, દેવ, નારકી ને તિર્યંચ એવી ચાર ગતિ છે. ગતિ પર્યાયમાં છે, શુદ્ધભાવમાં ગતિ નથી.

**ઇંદ્રિય:**—એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભેદો પર્યાયમાં છે, શુદ્ધભાવમાં તે નથી.

**કાય:**—પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય ને ત્રસકાય એ છ કાય છે, શુદ્ધભાવ કાય રહિત છે.

**યોગ:**—મન, વચન, કાયાનો યોગ-કંપન તે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધભાવમાં યોગનું કંપન નથી.

**વેદ:**—ત્રણ પ્રકારના વેદ-પુરુષવેદ, સ્ત્રીવેદ, નંપુસકવેદ એક સમયની પર્યાયમાં છે. શુદ્ધભાવ વેદ રહિત છે. એક સમયની પર્યાયદૃષ્ટિ છોડાવવા ને સ્વભાવદૃષ્ટિ કરાવવા એમ કહ્યું છે. શુદ્ધભાવવાળો આત્મા એ જ સમ્યગ્દર્શનનું લક્ષ્ય છે.

**કષાય:**—ક્રોધ, માન, માયા, લોભના પરિણામ એક સમયની પર્યાયમાં હોય છે. બધા પરિણામ એક પર્યાયમાં એકસાથે હોય છે એમ કહેવું નથી પણ જે વખતે જે પરિણામ હોય તે પર્યાયમાં છે, પણ શુદ્ધભાવમાં તે નથી.

**જ્ઞાન**—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એમ પાંચ જ્ઞાનના ભેદો ને કુમતિ, કુશ્રુત ને કુઅવધિ-ત્રણ અજ્ઞાનના—એમ આઠ ભેદો પર્યાયમાં હોય છે. જે વખતે જે જ્ઞાન હોય તે સમજવું. સુજ્ઞાન વખતે કુજ્ઞાન હોતું નથી. વળી કેવળજ્ઞાન વખતે ચાર જ્ઞાન હોતા નથી. આવા ભેદો શરણભૂત નથી. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. એક સમયનો પર્યાય ત્રિકાળી સ્વભાવમાં નથી એમ બતાવી શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે, પણ કોઈ એમ માની લ્યે કે પર્યાયમાં પણ એવા ભેદો જ નથી તો તે વાત ખોટી છે. ભેદો ભેદોમાં છે, પર્યાય પર્યાયમાં છે. પર્યાય પર્યાયમાં બિલકુલ નથી એમ માને તો ખોટું છે. પર્યાય પર્યાયમાં છે પણ ત્રિકાળી દ્રવ્યમાં નથી એમ વર્તમાન ને ત્રિકાળીનું જ્ઞાન કરી ત્રિકાળી સ્વભાવ તરફ ઢળી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તો દ્રવ્ય તથા પર્યાયનું જ્ઞાન સાચું કર્યું કહેવાય. પર્યાયદૃષ્ટિએ ભેદો છે પણ સ્વભાવદૃષ્ટિએ તેને અભૂતાર્થ કહી અભાવ કહ્યો છે.

**સંયમ** :—સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય, યથાખ્યાત, અસંયમ ને સંયમાસંયમ એ સંયમના ભેદો પર્યાયમાં હોય છે. ત્રિકાળી સ્વભાવમાં ભેદ નથી. અહીં સ્વભાવદૃષ્ટિ કરાવવી છે. સંયમની પર્યાય સંયમનું કારણ નથી, સંયમનું કારણ શુદ્ધભાવ છે. વીતરાગ ભગવાને બે નયો કહ્યા છે. તેમાં વ્યવહારનય પર્યાયને તથા ભેદને જાણે છે પણ તે આદરણીય નથી. નિશ્ચયનય ત્રિકાળી સ્વભાવને જાણે છે માટે તે આદરણીય છે. ભેદમાં ભેદ છે પણ અભેદમાં ભેદ નથી એમ દ્રવ્યદૃષ્ટિ કરાવવા કહ્યું છે.

**દર્શન** :—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન—એ ચાર દર્શનના ભેદો પર્યાયમાં હોય છે. જે વખતે જે ભેદ હોય તે સમજવો. શુદ્ધસ્વભાવમાં એવા ભેદો નથી. કેવળદર્શન પણ એક સમયની પર્યાય છે. ત્રિકાળસ્વભાવમાં એવા ભેદ નથી.

**લેશ્યા** :—કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ ને શુક્લ–છ લેશ્યામાં પ્રથમ ત્રણ અશુભ ને બાકીની ત્રણ શુભ લેશ્યા છે. એક સમયની પર્યાયમાં એવા ભેદો પડે છે, જે વખતે જે લેશ્યા હોય તે તે સમજવી. તેવા ભેદ શુદ્ધભાવમાં નથી.

**ભવ્યત્વ** :—મોક્ષને લાયક એવું ભવીપણું ને મોક્ષને નાલાયક એવું અભવીપણું એવો વિકલ્પ ઊઠાવવો તે એક સમયની પર્યાયમાં છે, શુદ્ધભાવમાં એવા ભેદ છે જ નહિ.

**સમ્યક્ત્વ** :—ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિથ્યાત્વ, સાસાદન ને મિશ્ર એમ છ ભેદો પર્યાયમાં પડે છે. જે વખતે જે પર્યાય હોય તે સમજવી પણ તે એક સમયની પર્યાય છે. ત્રિકાળી શુદ્ધસ્વભાવમાં એવા ભેદ નથી. સમકિતની પર્યાય સમકિતની પર્યાયને સ્વીકારતી નથી પણ ત્રિકાળી એકરૂપ શુદ્ધભાવને સ્વીકારે છે. ભગવાન પાસે જાય તો ક્ષાયિક સમકિત થાય છે, તે લખાણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. સમકિતપર્યાયમાંથી સમકિતની બીજા સમયની પર્યાય પ્રગટતી નથી. પર્યાય પ્રગટવાનું કારણ ત્રિકાળ શુદ્ધભાવ છે. તેથી ત્રિકાળની દૃષ્ટિ કરાવવા એમ કહ્યું કે ત્રિકાળમાં એવા ભેદો નથી.

**સંજ્ઞિત્વ** :—સંજ્ઞીપણું ને અસંજ્ઞીપણું એવા ભેદ પર્યાયમાં હોય છે, શુદ્ધભાવમાં એવા ભેદ નથી માટે ત્રિકાળી શુદ્ધભાવની દૃષ્ટિ કરવી.

**આહાર** :—આહારકપણું ને અનાહારકપણું એવા ભેદ પર્યાયમાં છે, શુદ્ધભાવમાં એવા ભેદ નથી.

આવા ચૌદ માર્ગણાસ્થાનના ભેદો પર્યાયમાં પડે છે શુદ્ધભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા અભેદ એકાકાર શુદ્ધ છે તેમાં આવા ભેદ નથી.

**આત્મા એકાંતે કૂટસ્થ નથી, વ્યવહારનયથી પર્યાયમાં ભેદો પડે છે પણ નિશ્ચયનયથી આત્મા અભેદ એકરૂપ શુદ્ધ છે, ત્રિકાળી સ્વભાવમાં એવા ભેદો નથી.**

આ બધા એટલે ચારગતિ ભ્રમણ, જાતિ, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાન, માર્ગણાસ્થાન વગેરે ભેદો ભગવાન પરમાત્માને અથવા શુદ્ધ સ્વભાવભાવમાં શુદ્ધ નિશ્ચય-

નયના બળથી નથી એમ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્ય દેવનો અભિપ્રાય છે. અહીં સિદ્ધ-પરમાત્માની વાત નથી પણ શુદ્ધભાવરૂપી કારણપરમાત્મા દરેક જીવ છે તેની વાત છે.

આવા લખાણ વાંચી કોઈ સ્વછન્દી જીવ એવો અર્થ લઈ લે કે આત્મા એકાંતે શુદ્ધ છે ને પર્યાયમાં પણ અશુદ્ધ નથી તેમ જ ભેદ પણ નથી, પણ એકલો અભેદ ને કૂટસ્થ જ છે એમ માને તો ખોટું છે. આત્મા વસ્તુ ધ્રુવ હોવા છતાં પર્યાય અપેક્ષાએ સમયે સમયે પલટન પામે છે. સિદ્ધમાં પણ પરિણમન છે. સમયે સમયે અવસ્થા સંસારમાં અથવા સિદ્ધમાં થયા કરે છે. પરિણામ વિના કોઈ સમય હોઈ શકે નહિ. સંસારમાં અશુદ્ધરૂપે ને સિદ્ધમાં શુદ્ધરૂપે પરિણમન છે તે ભેદો પર્યાયમાં પર્યાયદૃષ્ટિએ સત્ છે, અવસ્તુ નથી. ભગવાને છ દ્રવ્યો ને નવ પદાર્થો જોયા છે ને એમ વસ્તુનું સ્વરૂપ છે. જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એમ છ પદાર્થો કાયમ રહીને અવસ્થામાં પલટે છે ને જીવમાં સંસારદશામાં પર્યાયોમાં પણ અનેક પ્રકારના ભેદો પડે છે. જે અહીં બધા કહેવામાં આવ્યા છે તે પ્રમાણે તે ભેદો ભેદદૃષ્ટિએ વ્યવહારનયથી બરાબર છે, કોઈ જીવ બધા થઈને એક જ વસ્તુ માને ને છ દ્રવ્યોને ન માને તો તે ખોટો છે ને વસ્તુ એકાંત કૂટસ્થ માને ને પર્યાય ન માને તોપણ ખોટો છે. પર્યાયમાં અશુદ્ધતાના ભેદો પડે છે એમ પર્યાયને કબૂલે ને ત્રિકાળ સ્વભાવમાં એવા ભેદો નથી એમ નિશ્ચયથી કબૂલે તો વ્યવહાર પ્રમાણજ્ઞાન થાય છે પણ યથાર્થજ્ઞાન ક્યારે કહેવાય? ત્રિકાળીમાં એવા ભેદ નથી એમ નક્કી કરી સ્વભાવનાં નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન કરતાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલતાં પર્યાયમાં આવા ભેદો છે એમ યથાર્થ જાણી લ્યે તો યથાર્થ જ્ઞાન કહેવાય.

૧ એકલા ભેદોને માને ને અભેદ ત્રિકાળી સ્વભાવ તરફ ન ઢળે તોપણ તેનું જ્ઞાન ખોટું છે.

૨ અભેદસ્વભાવને શુદ્ધ માનીને પર્યાયની અશુદ્ધતાને અથવા પર્યાયને જ ન સ્વીકારે તોપણ ખોટું છે.

પર્યાયનું જ્ઞાન કરી ત્રિકાળ સ્વભાવમાં એવા ભેદ નથી એમ અહીં કહેવું છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી પણ ત્રિકાળ શક્તિમાંથી પર્યાય પ્રગટે છે. તેથી અંશ-બુદ્ધિ. વ્યવહારબુદ્ધિ છોડાવવા ને અભેદબુદ્ધિ, સ્વભાવબુદ્ધિ કરાવવા જીવમાં માર્ગણા-સ્થાનાદિના ભેદો નથી એમ કહ્યું છે. આવો અભેદ શુદ્ધભાવવાળો આત્મા સમ્યગ્દર્શનનું કારણ છે.

**પર્યાયબુદ્ધિ છોડી શુદ્ધસ્વભાવની દૃષ્ટિ કરી શુદ્ધ સ્વભાવને પોતા વડે અનુભવો.**

એવી રીતે શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫–૩૬ માં બે શ્લોકો દ્વારા કહ્યું છે કે:—

“[ શ્લોકાર્થ ] :—ચિત્તશક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને

અને ચિત્તશક્તિ માત્ર એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના ઉપર પ્રવર્તતા એવા આ કેવળ ( એક ) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો."

જ્ઞાનભાવ સિવાય અન્ય બધા શુભાશુભ ભાવોને મૂળથી છોડવા દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના શુભભાવો ઉપરની દૃષ્ટિ—પર્યાયદૃષ્ટિ છોડો ને આત્મા એકલો જ્ઞાયકસ્વભાવ છે—એમ શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં અવગાહન કરો. જેમ દરિયામાં મોતી લેવા માટે ડૂબકી મારે છે તેમ નિશ્ચયનયથી શુદ્ધસ્વભાવનું અવલંબન કરી તેમાં એકાગ્રતા કરો ને સમસ્ત વિશ્વ ઉપર તરતા કેવળ અખંડ–અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો. દયા, દાન, ભક્તિ એક સમયના પરિણામ છે, તેનાથી ધર્મ થતો નથી. તે બધા ભાવોથી આત્મા જુદો તરવરે છે. શુદ્ધ આત્મામાં વિકાર કદી પેઠો જ નથી. પાણીમાં સ્નાન કરે તેમ શુદ્ધ આત્મામાં ડૂબકી મારો એટલે કે તેના શ્રદ્ધા–જ્ઞાન કરી એકાગ્ર થાઓ, એ જ મોક્ષનું કારણ ને મોક્ષમાર્ગ છે. આ પ્રમાણે શુદ્ધસ્વભાવમાં એકાગ્ર થતાં અન્ય સકળ ભાવો છૂટી જાય છે. વળી શુદ્ધ આત્માનો અનુભવ કોઈ પર પદાર્થથી તો થતો નથી પણ વિકારથી પણ તેનો અનુભવ થતો નથી. શુદ્ધ અનુભવ પોતાથી થાય છે. શુદ્ધ આત્માને આત્મા વડે અનુભવો એમ આચાર્ય ભગવાન કહે છે.

**જ્ઞાનશક્તિથી ભરેલો આત્મા એક જ સાર છે, વિકારી ભાવો પૌદ્‌ગલિક છે સારરૂપ નથી.**

શ્લોકાર્થ :—"ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્‌ગલિક છે."

હું અખંડ જ્ઞાયકસ્વભાવી છું. ચૈતન્યશક્તિથી પ્રસરેલો છું, દયા–દાનાદિ તથા વ્રતાદિના પરિણામમાં આત્મા પ્રસરેલો નથી, તે ભાવો અંતર-આત્મામાં કદી પેઠા નથી. જે પુણ્ય–પાપમાં વ્યાપે છે તે અનાત્મા છે, આત્મા જ નથી. ત્રિકાળી કારણપરમાત્મા ભગવાન છે. તેમાંથી ભગવાન પ્રગટે છે, બહારથી પ્રગટતો નથી. જાણનાર દેખનાર સ્વભાવ જ એક સારરૂપ છે ને આ જીવ એટલો જ માત્ર છે ને જે જાણવા–દેખવાના સ્વભાવથી શૂન્ય વિકારી ભાવો છે તે સારરૂપ નથી. તે બધાય પૌદ્‌ગલિક છે. પુણ્ય–પાપના ભાવોને અહીં પૌદ્‌ગલિક કહ્યા એટલે તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે—એમ કહેવાનો ભાવ નથી, તે વિકાર–પર્યાય જીવમાં થાય છે, જડમાં થતો નથી. બીજા શાસ્ત્રોમાં પર્યાય અપેક્ષાએ વિકારને સ્વતત્ત્વ કહેલ છે. પણ વિકાર પુદ્‌ગલના લક્ષે થાય છે ને શુદ્ધ સ્વભાવમાં તે નથી પણ આત્મામાંથી ટળી જાય એવો છે તેથી પૌદ્‌ગલિક કહેલ છે. માટે ચૈતન્યશક્તિ જેનો સાર છે એવા શુદ્ધ આત્માને તું ભજ એમ કહેવાનો સાર છે.

વળી ૪૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ એ શ્લોક કહે છેઃ—

શ્લોકાર્થ :—સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડજ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી. પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર અનુપમ, અનઘ ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે. ૬૦.

હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પુણ્ય, પાપ મારું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ છે એવી જે ભાવના ભાવે છે તે સંસારના ઘોર વિકલ્પને પામતો નથી એટલે કે તેને વ્યવહારરત્નત્રયના વિકલ્પની પણ રુચિ રહેતી નથી. આત્માની ભાવના પોતે તો પર્યાય છે પણ તે પર્યાયનું ધ્યેય શુદ્ધ સ્વભાવ ઉપર છે. આમ જે જીવ પુણ્ય–પાપ આદિ વ્યવહારની રુચિ છોડી શુદ્ધસ્વભાવની રુચિ કરે છે તે નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરે છે ને પુણ્ય–પાપની પરિણતિથી દૂર, જેને ઉપમા ન આપી શકાય એવો અને પુણ્ય–પાપના દોષરહિત શુદ્ધ ચૈતન્યમાત્રને પામે છે. આમ જે જીવ ત્રિકાળી અખંડ જ્ઞાયક-સ્વભાવની ભાવના ભાવે છે. તે જીવ શાન્તિને પામે છે, એટલે કે મોક્ષદશાને પામે છે.

[ક્રમશઃ]

—૦—

# સંયોગનું લક્ષ છોડી આત્માના લક્ષે શાંતિ પ્રગટ કર

આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા–તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# ગંભીરતાથી વિચાર તો કર!

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી?—ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૧૬.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

**'ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી.'** ચાર ગતિ ને ચોરાશી લાખ યોનિના ભવોમાં પરિભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં—ભવભ્રમણના હેતુભૂત એવા મિથ્યાત્વભાવમાં—આ દુર્લભ મનુષ્યભવ બરબાદ થવા દેવો યોગ્ય નથી.

**'ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે.'**

'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો;' પૂર્વના મહા ભાગ્યે જે આ ઉત્તમ મનુષ્યભવ મળ્યો છે તે, ભવભ્રમણના અભાવનો પ્રયત્ન કરવા માટે મળ્યો છે; આ ભવ કંઈ ભવને વધારવા માટે મળ્યો નથી. શું કહ્યું? હવે પછી ભવભ્રમણ ન રહે—એમ ભવિષ્યના ભવના અભાવના પ્રયત્ન માટે આ મનુષ્યભવ છે. ભવનો અભાવ,

તેના પ્રયત્ન માટે આ ભવ છે; આ ભવ ભવને વધારવા માટે નથી.

**'ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર!'**

અરે! નરક ને નિગોદના ભવોનાં દુઃખોની તો શી વાત! જેમનું એક ક્ષણનું પણ દુઃખ કરોડો ભવે ને કરોડો જીભોથી કહી શકાય નહિ—એવા નરક ને નિગોદના જીવ ખરેખર મહા દુઃખી છે. એ ભયંકર યાતનાઓનો ગંભીરતાથી વિચાર તો કર! કેટલા ભવ કર્યા અને કેટલાં ને કેવાં દુઃખ સહ્યાં, તેનો ગંભીરતાથી ઊંડો તાગ તો મેળવ!

**'નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે?'**

પહેલી નરકમાં જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું ને સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીશ સાગરોપમનું છે. જ્યાં પહેલી નરકના નારકીનું એક ક્ષણનું દુઃખ સાંભળ્યું પણ ન જાય એવું ભયંકર છે, ત્યાં સાતમી નરકના નારકીનાં દુઃખની તો શી વાત? અહીં માણસને રાતમાં વ્યાધિની પીડા કંઈક વિશેષ હોય તો રાત જવી મોટી થઈ પડે છે ને? રાત કાંઈ મોટી થઈ ગઈ નથી, રાત તો જે છે તે જ છે, પણ પીડાને કારણે રાત ખૂટતી ન હોય એમ તેને લાગે છે. અરે! અહીં મનુષ્યભવમાં તો નારકી કરતાં અનંતમાં ભાગે પીડા છે; પહેલી નરકની પીડા પણ ઘણી આકરી છે. નરકનાં એ ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં તેત્રીશ-તેત્રીશ સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? જ્યાં એક ક્ષણનાં દુઃખો પણ અતિ ભયંકર છે ત્યાં સાગરોપમોનાં આયુષ્ય કેમ વીતાવ્યાં હશે? અરેરે! જીવે તેનો કદી વિચાર કર્યો નથી.

**'નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી.'**

અતિ પાપપરિણામથી—ક્રૂર પરિણામથી મનુષ્ય ને પશુના જીવો મરીને નરકે જાય છે. ત્યાંનાં દુઃખ કહ્યાં કે સાંભળ્યાં જાય એવાં નથી. ત્યાં ભૂમિનો માત્ર સ્પર્શ થતાં, હજારો વીંછીના ડંખ કરતાં પણ વધુ દુઃખ થાય છે; સેમરવૃક્ષનાં ધારદાર પાંદડાં, તલવારની જેમ, દેહને ચીરી નાખે છે; મેરુપર્વત જેવડો લોઢાનો ગોળો ક્ષણમાત્રમાં ગળી જાય એવી ત્યાં ઠંડી અથવા ગરમી હોય છે; નારકીઓ પરસ્પર દેહના તલ તલ જેવડા ખંડ કરે છે; ને પરમાધામી દેવો તેમને પરસ્પર લડાવે છે; તરશ એટલી હોય છે કે સમુદ્ર જેટલું પાણી પી જવાનું મન થાય, છતાં ત્યાં પાણીનું એક ટીપું પણ મળતું નથી; ત્રણ લોક જેટલું અનાજ ખાય તોપણ મટે નહિ એટલી ભૂખ હોય છે, છતાં એક દાણો પણ મળતો નથી; શરીર તો પારાની માફક વિંખાઈ જાય અને પાછું ભેગું થઈ જાય; અરે! આવાં દુઃખ તેં અનંત વાર અનેક સાગરોપમ કાળ સુધી સહન કર્યાં છે. નરકનાં એ ભયંકર દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી.

'પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી?'

બાવળનો એક કાંટો જરી વાગે ત્યાં રાડ નાખી જાય, આંખમાં એક નાનું કણું પડે તો સહ્યું જાય નહિ, અરે! એટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં નરક ને નિગોદનાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને-શરીરને સ્ત્રી-પુત્રાદિ પરપદાર્થમાં સુખ માનવું, રાગાદિ વિભાવને પોતાનો સ્વભાવ માનવો, પોતાને માત્ર પલટતી પર્યાય જેવડો જ માનવો, વગેરે ભ્રાન્તિમય વિપરીત ભાવોને—છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી?

અહા! પર્યાયબુદ્ધિના અર્થાત્ મિથ્યાત્વભાવના ગર્ભમાં અનંતાનંત ભવ પડયા છે. ખરેખર તો મિથ્યાત્વને જ 'અનંત' કહ્યું છે. મિથ્યાત્વની સાથે રહેલા કષાયને જ અનંતાનુબંધી કષાય કહે છે. જ્ઞાનીને અસ્થિરતાને લીધે ક્રોધાદિ કષાય હોય છે પણ, સાથે મિથ્યાત્વભાવ નથી તેથી, તેના ગર્ભમાં અનંતાનંત ભવ નથી. જેમાં અનંતાનંતગુણાં દુઃખ ભર્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો પુરુષાર્થ તું કેમ કરતો નથી? મિથ્યાત્વના દોષ સાથે અનંતાનુબંધી કષાય હોય જ છે, હા, બીજે ગુણસ્થાને અનંતાનુબંધી કષાય એકલો પણ હોય છે, પરંતુ એ તો અલ્પ ક્ષણની વાત છે, એ વાતની અપેક્ષા જુદી છે. અહા! અનંતાનંત ગુણોનો સાગર એવો જે નિજ ભગવાન આત્મા તેનો અનાદર થઈને જે મિથ્યાત્વભાવ થાય છે તેના ગર્ભમાં અનંત અનંત ભવ પડયા છે. અરે! પહેલું આ મિથ્યાત્વનું મહાપાપ છોડવું જોઈએ, પણ તેને છોડવાની દરકાર નથી. રાગની મંદતારૂપ ડાળાંપાંદડાં તોડયાં પણ અનંત ભવપરિભ્રમણનું મૂળ મિથ્યાત્વ તો સાજું રહી ગયું! મોટી ભૂલ! 'યહ બહુ ભૂલ ભઈ હમરી, ફિર કહા કાજ પછતાયે'. દેહાદિ પરદ્રવ્યને પોતાનાં માનવાં, રાગાદિ વિભાવને પોતાનો માનવો, રાગાદિ વિભાવથી લાભ માનવો—એ મોટી ભયંકર ભૂલ મેં કરી, હવે ઓરતો કરવાથી શો લાભ? સ્વાશ્રયથી અનંત અનંત ગુણોનો લાભ થાય છે—એમ ન માનતાં 'પરાશ્રયથી—રાગથી—લાભ થશે' એવી માન્યતા તે મિથ્યાત્વ છે, તેના ગર્ભમાં અનંતાનંત દુઃખ ભર્યાં છે. અરે! આવા ભયંકર મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ તું અંતરમાં કેમ કરતો નથી?

'ગફલતમાં કેમ રહે છે?'

આ મોંઘો મનુષ્યભવ ભવના અભાવના પ્રયત્ન માટે છે. તો પછી ભવનો હેતુ એવો જે મિથ્યાત્વભાવ તેને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી? બેદરકાર કેમ રહે છે?

'આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે?'

ભાઈ! આવો ઉત્તમ યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. દુર્લભપરંપરામાં

નિગોદમાંથી નીકળીને ત્રસપર્યાય પ્રાપ્ત થવી પણ મહાદુર્લભ છે. 'દુર્લભ લહિ જ્યોં ચિન્તામણિ, ત્યોં પર્યાય લહી ત્રસ તણી;' ત્રસપણું પામવું એ પણ, ચિન્તામણિ જેવું, અતિ દુર્લભ છે. તેમાં વળી મનુષ્યપણું, જૈનકુળમાં જન્મ, વીતરાગ દેવ-ગુરુનો સમાગમ, જિનવાણીનું શ્રવણ વગેરે ઉત્તરોત્તર અતિ દુર્લભ છે. અહા! આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે?

પૈસા ને આબરૂ મળવાં તે કાંઈ દુર્લભ નથી, એ તો અનંત વાર મળી ચૂક્યાં છે. 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;—આત્માના ગુણો સર્વજ્ઞ પણ પૂરા કહી શકે નહિ. એક એક ગુણને ક્રમે કહેવા જાય તો અનંત કાળ જોઈએ, પણ એટલું આયુષ્ય તો કોઈને હોય નહિ. આવા અનંત ગુણોથી વિરુદ્ધ પડીને પ્રભુ! તેં મિથ્યાત્વને સેવ્યું છે. તેને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી? મિથ્યાત્વ છોડવાનો ઉત્તમ યોગ મળ્યો છે, તો કામ કરી લેવા જેવું છે. 'વીજળીના ઝબકારે મોતી પોઈ લો, ઝટ પોઈ લો.' એ ઝબકારો—આવો ઉત્તમ યોગ—લાંબો કાળ નહિ રહે. આવો મનુષ્યભવ ને તેમાં આવી વાત—વીતરાગની વાણી—કાને પડવી! ભાઈ! આવો ઉત્તમ યોગ ને અવસર ફરીને ક્યારે મળશે?

**'તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.'**

ભાઈ! અનંત સંસારના હેતુભૂત એ ભયંકર અનિષ્ટને—મિથ્યાત્વભાવને—છોડવા માટે કરડો પુરુષાર્થ કર, મરણિયો પ્રયત્ન કર. સમયસારમાં કહ્યું છે ને? अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्...' હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા પ્રયત્ને અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ, આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો બે ઘડી પાડોશી થઈ, આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને જ્ઞાન ને આનંદના વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય તથા રાગાદિ વિભાવ સાથે એકપણાના મોહને—મિથ્યાત્વભાવને—તું તુરત જ છોડશે.

ભાઈ! દુનિયા શું કહેશે, કેમ માનશે વગેરે તથા દુનિયાનાં માન-સન્માન ને દુનિયામાં ગણાવું વગેરે એક કોર મૂકી દે. ગણવા લાયક—ગણતરીમાં લેવા યોગ્ય—તો જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણરત્નોથી ભરેલો નિજ ચૈતન્યરત્નાકર જ્ઞાયકદેવ છે. 'देवः स्वयं शाश्वतः'—પોતાના પુરુષાર્થથી મિથ્યાત્વભાવને છોડીને અંતરંગમાં દેખે તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર), નિશ્ચલ, શાશ્વત, નિત્ય, કર્મકલંકથી રહિત એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે. ત્રિકાળશુદ્ધ જ્ઞાયક ચૈતન્યરત્નાકરનો અનાદર અને એક-

સમય-સ્થાયી ક્ષણિક રાગાદિ વિભાવનો આદર; એ જ મિથ્યાત્વભાવ છે. તે મિથ્યાત્વ—આત્મભ્રાન્તિ—છોડવાનો મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતાથી—પાણી, આહાર, સૂવું, બેસવું, પાથરવું, ઓઢવું વગેરે બહારની અનુકૂળતાથી—તેમ જ અશાતાથી—રોગ, દારિદ્ર, અપમાન વગેરે બહારની પ્રતિકૂળતાથી—ભિન્ન તથા આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા ત્રિકાળ-નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર.

શ્રોતાઃ—પહેલાં દ્રવ્યસંયમ લેવાનું શાસ્ત્રમાં કહ્યું છે ને?

ઉત્તરઃ—ભાવસંયમ પ્રગટ થયા પહેલાં ચોથે-પાંચમે ગુણસ્થાને મહાવ્રત લેવાના વિકલ્પ આવે, પણ તે વિકલ્પથી શું ભાવસંયમ પ્રગટે છે? પ્રથમ એવા વિકલ્પ હોય છે ખરા, પરંતુ ભાવસંયમ તો અંદર જ્ઞાયકસ્વભાવના ઉગ્ર આશ્રયે જ પ્રગટે છે. જેમ, કાર્ય વખતે અનુકૂળ નિમિત્ત હોય છે પણ શું તે, નૈમિત્તિક કાર્યને કંઈ કરે છે? તેમ વ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહાર હોય છે પણ તેથી શું તે ભાવસંયમરૂપ કાર્ય કરે છે? ભાવસંયમ તો આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ નિજ જ્ઞાયક-સ્વભાવને અનુભવવાના પ્રબળ પુરુષાર્થથી થાય છે. અંતરંગ સ્વરૂપરમણતાની શુદ્ધિ વધવી તે ભાવસંયમ છે, તદનુરૂપ શુભભાવ નહિ. મુનિ થયા પહેલાં વ્રતાદિ દ્રવ્યસંયમ લે છતાં, અંતરમાં જ્ઞાયકના આશ્રયે સ્થિરતાનો પ્રબળ પુરુષાર્થ ન કરે તો, ભાવસંયમ ન થાય. અંદર ચોથું-પાંચમું ગુણસ્થાન રહે ને બહારમાં ક્રિયા દ્રવ્યસંયમની થઈ જાય. જ્યાં સુધી ઉગ્ર સ્થિરતારૂપ ભાવસંયમ ન પ્રગટે ત્યાં સુધી તે પણ દ્રવ્યલિંગી સાધુ છે. ભાવ-સંયમશૂન્ય દ્રવ્યલિંગીના ત્રણ પ્રકાર છે: મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી, અવિરત સમ્યગ્દષ્ટિ દ્રવ્યલિંગી અને દેશવિરત સમ્યગ્દષ્ટિ દ્રવ્યલિંગી. જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણોના પિંડસ્વરૂપ જે નિજ જ્ઞાયક બાદશાહ તેનો, સમ્યક્ શ્રદ્ધા ને જ્ઞાનપૂર્વક, સ્થિરતા-અપેક્ષાએ ઉગ્ર આશ્રય લે તો ભાવસંયમ થાય. અહા! ઘણું આકરું!

જીવે દ્રવ્યસંયમ અનંત વાર લીધો, પણ મિથ્યા દષ્ટિને લીધે, ઘાણીના બળદની જેમ, તે ત્યાં ને ત્યાં રહ્યો. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેક પાયો ફેર પિછો પટક્યો. દ્રવ્યલિંગ લીધા પછી પણ કોઈ જીવ સમ્યગ્દર્શન પામે છે, પણ તે કોને લઈને? શુભભાવ ને શુભ પ્રવૃત્તિને લઈને નહિ; અંદર ત્રિકાળશુદ્ધ જ્ઞાયકસ્વભાવના આશ્રયે સ્વ-પરનો ને સ્વભાવ-વિભાવનો ગ્રંથિભેદ કરે છે તેથી સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પામે છે. વિકલ્પ આવે માટે ભાવસંયમ આવી જાય છે—એમ નથી. અહા! થોડા ફેરે કેટલો ફેર છે, એ ખબર ન મળે! શુભ ને અશુભ ભાવ આકુળતામય છે અને ભગવાન આત્માથી વિપરીતસ્વરૂપ છે; તેમનાથી ભિન્ન એવા નિરાકુળ નિજ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો જબ્બર પુરુષાર્થ કર.

'એ જ આ ભવમાં કરવા જેવું છે.'

ભવના અભાવનો પ્રયત્ન કરવો—એ જ આ ભવનું કર્તવ્ય છે. સ્વભાવની પ્રાપ્તિ ને ભવના અભાવના પ્રયત્ન માટે જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. સ્વભાવનો ભાવ (પ્રાપ્તિ) ને ભવનો અભાવ—એમ અસ્તિ-નાસ્તિથી વાત કહી છે. અહા! ભાષા બહુ ટૂંકી પણ ભાવ ઘણા ઊંચા!

શ્રોતા :—'એ જ આ ભવમાં કરવા જેવું છે;' પણ તે થાય કેટલી મુદતમાં?

ઉત્તર :—અંતર્મુહૂર્તમાં. ઉપયોગ અંતર્મુહૂર્તનો છે તેથી એમ કહ્યું; પણ ખરેખર તો જે બહાર લક્ષ છે તેને અંતરમાં વાળે; તે કાર્ય એક સમયમાં થાય છે; કારણ કે પર્યાયનો કાળ એક સમયનો છે. આચાર્યદેવે કહ્યું છે કે જો સમજવામાં વાર લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે. 'स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्'—એક ચૈતન્યમાત્ર વસ્તુનો, પોતે નિશ્ચળ થઈ, છ મહિના અભ્યાસ કર, અને એમ કરવાથી તને નિજ જ્ઞાયક આત્માની પ્રાપ્તિ થશે જ. એ જ આ ભવમાં કરવા જેવું ઉત્તમ કાર્ય છે. અહા! શબ્દો તો થોડા છે પણ ભાવ ઘણા ગંભીર છે. —૦—


## ગુજરાતી પુસ્તક વેચાણમાં આવી ગયા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. જિનેન્દ્રપૂજા સંગ્રહ | ૧૦-૦૦ | ૬. જિનેન્દ્રપૂજાપલ્લવ | ૨-૦૦ |
| ૨. હું પરમાત્મા | ૮-૦૦ | ૭. પ્રવચન રત્નાકર ભાગ-૧૧ | ૧૪-૦૦ |
| ૩. ધર્મની ક્રિયા | ૫-૦૦ | ૮. સ્વામીકાર્તિકેયઅનુપ્રેક્ષા | ૧૦-૦૦ |
| ૪. જૈન સિદ્ધાંતપ્રવેશિકા | ૨-૦૦ | ૯. છ-ઢાળા | ૩-૦૦ |
| ૫. જૈનસિદ્ધાંતપ્રવેશિકા (હિન્દી) | ૨-૦૦ | | |

## ગુજરાતી પુસ્તકો પ્રેસમાં છપાય છે.

૧. અષ્ટપાહુડ
૨. પદ્મનંદિપંચવિંશતિ
૩. રત્નકરંડશ્રાવકાચાર
૪. સમાધિ તંત્ર
૫. સામાયિક પાઠ (અમિતગતિ આચાર્ય)
૬. આત્માનુશાસન
૭. ઇષ્ટોપદેશ મૂળ શાસ્ત્ર
૮. પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયસાર પ્રવચન ભાગ-૧ થી ૫
૯. પૂ. બહેનશ્રીનાં વચનામૃત પ્રવચન ભાગ-૨
૧૦. ઇષ્ટોપદેશ ઉપરના પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો
૧૧. પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત
૧૨. સત્તાસ્વરૂપ

## હિન્દી ભાષામાં છપાય છે.

૧. શ્રી સમયસાર શાસ્ત્ર
૨. સત્તાસ્વરૂપ
૩. પદ્મનંદિપંચવિંશતિકા
૪. શ્રી પંચાસ્તિકાય
૫. આત્માનુશાસન
૬. સત્તાસ્વરૂપ
૭. મોક્ષમાર્ગપ્રકાશક
૮. છ-ઢાળા સચિત્ર

## વૈરાગ્યસમાચાર :

❀ બોટાદનિવાસી (હાલ કાંદીવલી) શ્રી હીરાલાલ ભોગીલાલ શેઠના ધર્મપત્નિ જયાબેન (વર્ષ ૬૬) તા. ૭-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ મુંબઈનિવાસી શ્રી કુમુદચંદ્ર ભગવાનજી શાહની પુત્રી શિલ્પાબેન (વર્ષ ૩૩) બ્રેઈન ટ્યુમરની બીમારીમાં તા. ૧૦-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ ખૈરાગઢનિવાસી શ્રી ખેમરાજજી બાફના (વર્ષ ૭૩) તા. ૧૨-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ ઉદયપુરનિવાસી શ્રી અંબાલાલ કાકાજીના નાના ભાઈ શ્રી સોહનલાલજી (વર્ષ ૬૯) તા. ૧૫-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ નંદરબારનિવાસી સ્વ. શ્રી કપૂરચંદભાઈના માતુશ્રી શ્રી શાંતાબેન સુખલાલ કોઠારી (વર્ષ ૭૮) તા. ૧૫-૧-૮૮ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

❀ લાઠીવાળા હાલ સોનગઢ જવેરબેન ચતુરદાસ ભાયાણી (જમશેદપુરવાળા) (ઉ. વ. ૮૫) તા. ૨૨-૧-૮૮ ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

❀ દાહોદનિવાસી શરદભાઈ વસંતલાલ તલાટી (વર્ષ ૪૮) તા. ૨૫-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ નાઈરોબીનિવાસી હરખચંદભાઈ રાયચંદ માલદે (વર્ષ ૫૪) તા. ૨૬-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ સણોસરાનિવાસી અમૃતલાલ ધનજીભાઈ રાણપુરા (વર્ષ ૬૧) તા. ૩૧-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ દામનગરનિવાસી ધીરજલાલ માણેકચંદ વધાણી (વર્ષ ૭૦) તા. ૪-૨-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

સુવર્ણપુરી સમાચાર—

* શ્રી નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠા-ઉત્સવ:—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિમાં નવનિર્મિત શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો ચતુર્થ પ્રતિષ્ઠા ઉત્સવ ફાગણ સુદ ૨, શુક્રવાર, તા. ૧૯–૨–૮૮ થી ફાગણ સુદ ૭, મંગળવાર, તા. ૨૩–૨–૮૮ સુધી શ્રી પંચકલ્યાણકપૂજન, જિનેન્દ્રભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાન-ઉપાસના આદિ વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* નંદીશ્વર-અષ્ટાહ્નિકા:—અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં—નંદીશ્વર જિનાલયમાં—તા. ૨૪–૨–૮૮, બુધવાર થી તા. ૩–૩–૮૮ ગુરુવાર સુધી ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા, નંદીશ્વરવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* ફાગણ સુદ ૧૩, મંગળવાર તા. ૧–૩–૮૮ના રોજ 'શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિર'ની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજા-ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે.

* બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા:—માહ સુદ ૬, તા. ૨૪–૧–૮૮ના રોજ અમદાવાદનિવાસી શ્રી દામોદરદાસ હંસરાજ મોદીની બે સુપુત્રીઓ કુમારી નીલાબહેન તેમજ કુમારી તરુબહેન તથા જામનગરનિવાસી શ્રી મંજુલાબેન નંદલાલ મહેતાની સુપુત્રી કુમારી ઇલાબહેન—આ ત્રણે કુમારિકા બહેનોએ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છાયામાં, અધ્યાત્મતત્ત્વજ્ઞાનના અભ્યાસ અર્થે, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સ્ટેચ્યુ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી છે. આ પ્રશસ્ત કાર્ય માટે ત્રણે બહેનોને અભિનંદન.

—o—

એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઇન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે?.... વૈરાગ્ય...વૈરાગ્ય....સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! આહાહા! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય! ૩૪૮.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ, દૃષ્ટિના નિધાન

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ —ભરતક્ષેત્રનું વિદેહધામ—પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી નિયમસાર' ઉપર તેમ જ સાંજે 'શ્રી નાટક સમયસાર' ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ–પ્રવચન, બપોરે 'શ્રી સમયસાર' ઉપર બ્ર૦ શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન તેમ જ જિનેન્દ્રભક્તિ, સવારના ટેપ–પ્રવચન પછી પુરુષો માટે 'મોક્ષમાર્ગ-પ્રકાશક' ઉપર શિક્ષણવર્ગ, રાત્રે (શ્રી ગોગીદેવી બ્ર. આશ્રમમાં) બ્ર. બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ–અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં—

રૂા. ૪૦૨૮, શ્રી દામોદરદાસ હંસરાજ મોદી પરિવાર અમદાવાદ.

—તરફથી નંદીશ્વર જિનાલય તેમજ જ્ઞાનપ્રચાર આદિ વિવિધ ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* અષ્ટાહ્નિકા મહોત્સવઃ—સુવર્ણપુરીના "શ્રી સીમંધરસ્વામી દિ. જિન મંદિર"ની મંગલ પ્રતિષ્ઠાનો ૪૮ મો વાર્ષિક અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રતિવર્ષ-અનુસાર મહા વદ ૯, તા. ૧૨–૨–૮૮, શુક્રવારથી ફાગણ સુદ ૨, તા. ૧૯–૨–૮૮ શુક્રવાર સુધી રાખવામાં આવ્યો છે. આ વાર્ષિક મંગલ મહોત્સવ 'શ્રી વિંશતિ-વિહરમાન–જિનમંડલવિધાન પૂજા', જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાન ઉપાસના આદિ વિવિધ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

[ વધુ માટે જુઓ

## સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

# 卐 ૫૬ મો સમ્યક્ત્વજયંતી–મહોત્સવ 卐

અત્યંત પ્રસન્નતા સહ જણાવવાનું કે—આપણા તારણહાર સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમભક્ત સ્વાનુભવવિભૂષિત, સુવર્ણપુરી-અધ્યાત્મતીર્થભૂષણ, આત્માનુભૂતિજનક દેશનાલબ્ધિના અનન્યાધાર પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૫૬ મી સમ્યક્ત્વજયંતી ( ફાગણ વદ દશમ )ના ઉપલક્ષમાં તા. ૯-૩-૮૮ બુધવારથી તા. ૧૩-૩-૮૮ રવિવાર સુધી—પાંચ દિવસનો 'સમ્યક્ત્વજયંતી-મહોત્સવ' સોનગઢમાં અમદાવાદના મુમુક્ષુવૃંદ તરફથી ઉજવવામાં આવશે. આ પવિત્ર ઉત્સવ 'શ્રી ચોસઠઋદ્ધિ મંડલવિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવના સમ્યક્ત્વપ્રેરક વિશિષ્ટ ટેપ-પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસભરી અનુપમ વિડીયો-તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ, આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે. સર્વે મુમુક્ષુઓને આ સમ્યક્ત્વભાવનાપ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ છે.

નિમંત્રક—**અમદાવાદ ( ખાડિયા ) દિ. જૈન મુમુક્ષુવૃંદ.**


Licence No. 3 ' Licensed to post without prepayment '

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૫૦



356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012